ફૂડ ફંડા

ક્ષમા સરૈયા
feedback.ladki@bombaysamachar.com

રજાનો દિવસ હોય કે સપ્તાહનો રાબેતા મુજબનો દિવસ હોય, સવારે સ્વાદિષ્ટ અને પોષણભર્યો નાસ્તો મળે તો કેવી મજા આવી જાય!



## દાળ રોલ

**સામગ્રીઃ** ૧/૪ કપ આખા મગ, ૧/૪ કપ આખા કાળા અડદ, થોડા કાળા ચણા અને થોડા સોયાબીન, ૧ કપ સમારેલી પાલખ, ૪-૫ લીલાં મરચાં ઝીણાં સમારેલાં, એક મોટો ટુકડો આદુ, ૧/૨ કપ ઝીણી સમારેલી કોથમીર, સ્વાદ મુજબ મીઠું, ૧ કપ મટર-પનીરની ભુર્જી અને તેલ.

**રીતઃ** બધાં કઠોળ પાંચ કલાક ભીંજવી પાણીમાંથી કાઢી ભીનાં કપડામાં આખી રાત રાખો અને ફણગો આવવા દો. બીજે દિવસે મિક્સીમાં બધાં કઠોળ, લીલાં મરચાં, આદુ, કોથમીર, મીઠું, પાલખ સાથે ભેળવી દો. પેન ગરમ કરી ગોળા બનાવો અને વચમાં મટર-પનીરની ભુર્જી થોડી થોડી ભરી રોલ કરો. લીલી ચટણી કે ટોમેટો સૉસ સાથે પીરસો. ■

## મલ્ટીગ્રેન પેન કેક અને પોટેટો ક્રીમ ચીઝ ડ્રેસિંગ

**પેન કેક માટે સામગ્રીઃ** ૨ કપ મલ્ટિગ્રેન લોટ, ૧ કપ ઠંડું દૂધ, ૨ મોટા ચમચા ઓલિવ ઓઈલ, ૧/૪ નાનો ચમચો સોડા બાઈકાર્બોનેટ તથા એટલો જ બેકિંગ પાઉડર, સૂકો ફૂદીનો અથવા ઓરીગેનો, સ્વાદ મુજબ મીઠું.

### પોટેટો ક્રીમ ચીઝ ડ્રેસિંગ માટે

**સામગ્રીઃ** ૨ બાફેલા બટાકા, ૨ કપ દૂધ, ૧/૨ કપ છીણેલું ચીઝ, ૧ નાનો ચમચો સુવા ભાજી અથવા સૂકો ફૂદીનો બારીક સમારેલો, ૧ નાનો ચમચો વાટેલા મરી, ૧/૨ નાનો ચમચો લાલ મરચું, ૧ મોટો ચમચો માખણ, ૧/૨ નાનો ચમચો સરસવ, સ્વાદ મુજબ મીઠું.

**રીતઃ** પેન કેકની બધી સામગ્રી ભેળવી બરાબર હલાવી લો, ગરમ પેનમાં ૧-૧ કડછી ફેલાવી, તેલ લગાડી સોનેરી થતા સુધી તળી લો. એને પોટેટો ક્રીમ ચીઝ ડ્રેસિંગ સાથે પીરસો. એ માટે દૂધ ઉકાળો બાફેલા બટાકા નાખી મિશ્રણ ગાઢું થઈ જાય ત્યાં સુધી ઉકાળો. મીઠું અને અન્ય સામગ્રી ઉમેરી થોડી વારે ગેસ પરથી ઉતારી લો. ■

## અંગ પ્રદર્શન થાય તેવા ડ્રેસ કોડ શા માટે? (પહેલા પાનાનું ચાલુ)

પ્રોડક્ટ પર વિશ્વાસ નથી કે તેણે કોઈ આકર્ષક ફીગરને આગળ કરવું પડે? આમ તો આપણે જ કહીએ છીએ કે હવે સ્ત્રીઓ પણ દરેક ક્ષેત્રમાં કામ કરે છે તો પછી માત્ર થોડા પુરુષ ગ્રાહકને આકર્ષવા માટે આવા ડ્રેસ કોડ શા માટે? કેમ જાણે સ્ત્રીઓ તો ઘરની બહાર નીકળતી જ ન હોય! જો આપણે ખરેખર ટ્વેન્ટી ફર્સ્ટ સેન્ચુરીમાં ડગ માંડ્યો છે તો તેની પ્રતીતિ જેન્ડર ફ્રી ડ્રેસ કોડથી થવી જોઈએ.

હા, ઘણી નવી કંપનીઓએ ઉદાહરણીય પહેલ કરી છે. તેઓએ તેમના કર્મચારીઓ માટે સમાન ડ્રેસ કોડ રાખ્યો છે. સ્ત્રી હો કે પુરુષ દરેક માટે અમુક રંગના શર્ટ અને પેન્ટ કમ્પલસરી છે. શા માટે આપણે આ પ્રથા સ્કૂલ યુનિફોર્મમાં દાખલ નથી કરતા? જેથી નાનપણથી જ બાળકો જેન્ડર કોન્શિયસ ન થાય અને સોસાયટીનું વાતાવરણ હેલ્ધી રહે. સોસાયટીના દરેક ફીલ્ડમાં સ્ત્રીઓ છૂટથી હરે-ફરે અને પ્રગતિ કરે તે માટે તેનો ડ્રેસ કોડ બદલવો જ રહ્યો. માત્ર સમાનતાની વાત કરવાથી સમાજમાં સમાનતા નથી આવતી. તેનો અમલ પણ કરવો પડે છે. દરેક મોટી ક્રાંતિની શરૂઆત આવા નાના ફેરફારોથી જ થાય છે. કારણ કે ઈતિહાસ એક દિવસમાં રચાતો નથી. પણ આ કોમન યુનિફોર્મ કે ડ્રેસ કોડની શરૂઆત કોણ કરશે? દરેક સ્કૂલ કે કંપનીના પ્રિન્સિપાલ કે સી.ઈ.ઓ. કોમન ડ્રેસ કોડનો નિયમ અમલમાં લાવી શકે, કારણ કે તે પદ પર ઘણી સ્ત્રીઓ હશે જે સ્ત્રી હોવાથી કદાચ વધારે સારી રીતે ડ્રેસ કોડની સમાનતાની જરૂરિયાત અનુભવતી હશે.

**રેડ ચિલીઃ** 'Girls do not dress for boys. They dress for themselves and, of course, each other. If girls dressed for boys they'd just walk around naked at all times.' **-Betsey Johnson**

## કથા કોલાજ (ત્રીજા પાનાનું ચાલુ)

હતા... હું ને લીલાબહેન બજારમાં જઈએ, કપડાં લઈ આવીએ, 'એ' પાસપોર્ટની ધમાલ કરે... 'એમને' ને લીલાબહેનને ઘણાં ઝઘડા થાય, લીલાબહેન પાછા લખે, 'હું આવવાનું માંડી વાળું છું.' 'એ' મનાવે, વળી, બે જણા આગળ વધે... એમ ચાલ્યા કરતું. આખરે અમે યુરોપ ગયા. આમ તો હું કોઈની ડાયરી વાંચું નહીં, પરંતુ વિલાયતની સફરમાં મેં લીલાબહેનની ડાયરી વાંચી. એમાં લખ્યું હતું, 'થોડા મહિના માટે સંવાદી આત્મા સાથે સહજીવન, આવા વિરલ અનુભવ માટે હરેક પ્રકારનો ત્યાગ કરવા જેવો નથી શું ? આવું સુખ થોડા દિવસ મળે તોય બધું હોમી દીધેલું સાર્થક. જીવન જીવ્યું ને ખોયું બંને સાર્થક.'

બીજી માર્ચ, ૧૯૨૯ની સાંજે અમે 'પિલ્સ્ના' સ્ટીમરમાં નીકળ્યા ત્યારે મારા મનમાં ભય હતો કે યુરોપથી પાછા આવીશું ત્યાં સુધીમાં હું 'એમને' પૂરેપૂરા ખોઈ બેસીશ ! હું માનસિક રીતે તૈયાર થઈ ગઈ હતી, પરંતુ એમના વિના કેવી રીતે જીવીશ એની મને ખબર નહોતી પડતી.

★★★

મને ક્ષયવાવડ થઈ ગઈ અને બે-ત્રણ દહાડામાં સૂવા રોગ આવ્યો. પછી તો તાવ... બેભાન જ રહેવા લાગી, પણ જેટલી વાર 'એ' આવીને બેસતા એટલી વાર હું એમના સ્પર્શને ઓળખી શક્તી. 'એ' અડે ત્યારે મારાથી અસ્ફુટ સ્વરે બોલાઈ જતું, 'નાથ!'

એમનું નામ રટતાં મારો શ્વાસ છૂટી જશે એની મને ખબર છે, પણ અત્યારે આ ક્ષણે મને સંતોષ છે કે હું એમને માટે એમને જેવું જીવવું છે એવા જીવનની વ્યવસ્થા કરીને આ જગતમાંથી વિદાય થઈ રહી છું. ■

## નવલિકા (બારમા પાનાનું ચાલુ)

મહેતા પાછો ફર્યો. દુર્બા દાસને આટલી ઉત્તેજિત ક્યારેય નથી જોઈ મહેતાએ, કોઈએ પણ નહીં. રૂપ-પૂજક બિસનૂસિંઘ પ્યૂને પણ નહીં.

બિસનૂસિંઘ છેલ્લા સાત વર્ષથી મિસ દાસની વગર પૈસે ગુલામી કરવાનો અવસર શોધે છે. ભગવાને આટલા દિવસ પછી નજર કરી છે. આજે જ તે નિવેદન કરવા ઈચ્છતો હતો કે ઘર પર પણ એની પાસેથી કામ લેવામાં આવે. બધું કામ કરશે બિસનૂસિંઘ. પગમાં જૂતી પણ પહેરાવશે. પરંતુ, આજ તો મિસ સાહેબનું મન એવું ઉચાટમાં છે કે એક પળ પણ ચેનથી બેસતી નથી.

બિંદા મહારાજ મોટા સાહેબને પૂછવા ગયા કે આ પૂર્ણિમાની રાતે પણ પૂજા કરાવવા કોઈ પુરોહિત જોઈએ શું? મોટા સાહેબ મિસ દાસને કહી રહ્યા હતા, 'નહીં. આ કેવી છોકરમત જેવી વાત કરો છો તમે? તમે બે બે ટેબલ રાખો અને... એ પછી કામ ક્યાં કરે? છેવટે એ ટેબલમાં એવું છે શું?'

મિસ દુર્બા અનુનયભર્યા સ્વરમાં બોલી, 'સર, તે ટેબલ તો મારે જોઈએ જ. ભલે ગમે તે રીતે મળે. હું મારું નવું ટેબલ આપી રહી છું.'

ત્યારે મોટા સાહેબે વાત બદલી નાખી, 'ઊંહું! તે ટેબલ એબીએમ માટે છે. હેડક્લાર્કને આપી ન શકાય. અને એ દેવા-લેવાવાળા તમે કોણ?'

મોટા સાહેબે જાણી બૂઝીને ચહેરો કડપવાળો કર્યો.

'સર, તો તો હું કોઈ કામ નહીં કરી શકું.'

મોટાસાહેબના ચહેરા પર હવે અણગમો સ્પષ્ટ થઈ ગયો.

આ પહેલાં ક્યારેય દુર્બા દાસે આવી ધમકી સાંભળી ન હતી- કોઈ પણ મોટા સાહેબની. ન તો જોયો હતો આવો ધૂંધવાટ. એ બોલી, 'સર સેન્ટિમેન્ટલ કહો કે પાગલપન. હું કોઈને એ ટેબલ પર નહીં બેસવા દઉં. ના...'

મોટા સાહેબ 'ઘર બેઠા મનોવિજ્ઞાનના પંડિત બનો' શ્રેણીના કાયમી ગ્રાહક હતા. મિસ દાસની વાતોમાં કોઈ મનોવૈજ્ઞાનિક કોયડો છે, ચોક્કસ. બોલ્યા, 'મિસ દાસ, મારી તો અક્કલમાં તમારી વાત ઊતરતી નથી. માની લો તમારી ટ્રાન્સફર થઈ ગઈ કલકત્તા. તો શું ઉપાડીને કલકત્તા લઈ જશો?'

'જી. ઈચ્છીશ તો જરૂર.'

'અને માની લો...'

'નોકરીમાં નથી, કેમ? તો કંપનીને અનુરોધ કરીશ કે આ ટેબલ મને વેચાતું આપી દે.'

મોટા સાહેબે અનુરંજનને પૂછ્યું, 'તમે જ કહો, હું શું કરું?'

મોટા સાહેબે મિસ દાસને ફોન પર કહ્યું, 'આપ નકામા નાની વાતને પકડીને સમસ્યા ઊભી કરો છો. આજ નવા પદનું કામ જ બખેડાથી શરૂ કરો છો.'

અનુરંજન ગુપ્તાને બિસનૂસિંઘે ફરી આવીને સલામ કહ્યા-મિસ દુર્બા દાસના.

આ વખતે અનુરંજને દુર્બા દાસના સુંદર ચહેરા પર અબળા નારીની બેબસી જોઈ. થાકેલી, નખાઈ ગયેલી, અસ્ત-વ્યસ્ત કપડાં, સરકી ગયેલી સાડી-જતાં વેંત. અનુરંજનને યાદ આવ્યું-દક્ષિણેશ્વર અને બેલુરથી પાછાં ફરતાં દુર્બા આવી રીતે જ થાકેલી-નંખાઈ ગયેલી હતી.

'મિસ્ટર ગુપ્તા!'

'હુકમ.'

'હુકમ નહીં. આપ તે ટેબલ મને આપી દો.'

જનરલ સેક્શનમાં એક ક્લાર્કે હથેળીમાં આંગળી ફેરવી કહ્યું; 'લાગ્યો છે લકડપેચ.'

મહેતાએ સ્ટોરક્લાર્ક બેનર્જી દાદા સાથે ફોનાફોની કરી, 'હાં દાદા! આપ એજ વાત કહો કે શીશમનું ઝાડ કપાવવું પડશે...'

બધા ક્લાર્કો પ્રસન્ન છે... ક્રાઈસિસ, પ્રોબ્લેમ પોતાની જગ્યાએથી જેમનો તેમ છે અને ઘડિયાળના કાંટા આગળ વધ્યે જાય છે-એક, બે, ત્રણ, ચાર, પાંચ!!

બીજે દિવસે બધાંએ આશ્ચર્ય સાથે સાંભળ્યું, મિસ દાસ અચાનક બીમાર થઈ ગઈ છે. એક સપ્તાહની રજા માટે આવેદનપત્ર મોકલ્યું છે એણે!

પાંચ જ દિવસમાં અનુરંજને ઓફિસના બધા જીવને થોડાઘણા ઓળખી લીધા છે. એકથી એક કામચોર ભેગા થયા છે અહીં. પહેલા નંબરે છે ચાપલો ગુલશન મહેતા, જેને પોલસન મહેતા કહે છે.

ગમે તે હોય, મિસ દાસ કામ કરવું જાણે છે. કામનો એને લગાવ પણ છે. જે ફાઈલને એનો હાથ લાગ્યો હોય છે, તે અરીસા જેવી ચોખ્ખી હોય છે. ક્યાંય કોઈ ભૂલચૂક નહીં, ક્યાંય ગૂંચવણ નહીં. પરંતુ ટેબલ માટે આટલી જીદ? શું કહેવું એને? છેવટે કંઈ કારણ તો હશે જ!

મહેતાએ કહ્યું; 'સર! હું જાણું છું કારણ.'

અનુરંજને પૂછ્યું; 'શું કારણ છે?'

મહેતા અનુરંજનની પાસે ગયો. પછી ધીમા અવાજે બોલ્યો; 'મિસ દાસને છાતી પર-બરાબર કૉલર બોન નીચે-એક રૂપિયા જેવડું ગોળ-ધાધરનું ચકતું છે. ટેબલના આ ખૂણે તે સમય-અસમય ખજવાળતી...'

'મહેતા સાહેબ! તમે તમારા 'એબીએમ' વિશે આવી વાત મારી સામે ન બોલો તો સારું.'

સર્વાંગસુંદરી દુર્બાના દેહમાં ધાધર? ધત્ત, એણે મહેતાને બરાબર ઓળખી લીધો છે. દુનિયાભરની વાત જાણવી હોય તો કોઈએ એને પૂછવું... સેને કાલ કહ્યું, 'એક દિવસ મોટા સાહેબ બોલ્યા-મેટા, ગધાડાની જેમ બોલે છે? બસ-મેટા તરત આંકી-આંકીને બોલતો થઈ ગયો. બલિહારી બાબા મેટા! તારી જોડી તો ભારતભરમાં ક્યાંય નથી.' (ક્રમશઃ)